ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: હનપ-૧૦૨૦૨૪-૦૨-ક

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૦૩/૦૭/૨૦૨૪

<u>વંચાણે લીધા</u> :

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૯/૧૯૬૭નો ઠરાવ ક્રમાંક: હનપ/૧૧૬૭/ક.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૨/૧૯૭૨નો ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૭૧-૭૨-૨૮૦૭-ક.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૦૪/૧૯૭૨નો ઠરાવ ક્રમાંક: હનપ-૧૧૭૧-૭૨-૨૮૦૭-ક.

(૪) સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિનો તા.૦૭/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંક:જા.નં.૪૪૫/૧૦/૨૦૨૩-૨૪.

(૫) સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો તા.૦૭/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંક: જા.નં.૯૬૭/૧૦/૨૦૨૩-૨૪.

(૬) ગુજરાત રાજ્ય કારીગર,તાલીમ યોજના કર્મચારી મંડળ, વર્ગ-૩ની તા.૨૧/૧૨/૨૦૨૩ની મળેલ રજૂઆત.

<u>આમુખ:</u>

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના ઠરાવથી જે સરકારી કર્મચારીઓએ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટની હિન્દી દૂસરી અને તીસરી પરીક્ષા પાસ કરી હોય તેમને અનુક્રમે બોલચાલ શ્રેણી અને નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ. ત્યાર બાદ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ના ઠરાવથી "સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટની" એ શબ્દોને બદલે "સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટની" એ શબ્દો મૂકવામાં આવેલ.

સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૪ પરના પત્રમાં જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિને તા.૨૬/૦૭/૧૯૭૯થી ભારત સરકાર દ્વારા મળેલ અસ્થાયી માન્યતાની અસરથી તેઓ દ્વારા હિન્દી પરીક્ષાના પ્રમાણપત્રો ઇસ્યુ કરેલ છે. ઉક્ત બાબતની જાણ અત્રે શરતચૂકથી કરવાની રહી ગયેલ છે, તેમ પણ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિએ જણાવેલ છે.

જ્યારે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૫ પરના પત્રમાં જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ દ્વારા હાલમાં હિન્દીની કોઇ પરીક્ષા લેવામાં આવતી નથી અને હિન્દીના પ્રમાણપત્રો પણ આપવામાં આવતા નથી. સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિને ડિસેમ્બર' ૧૯૮૬માં સ્થાયી માન્યતા મળી, ત્યાં સુધી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ દ્વારા પણ હિન્દી પરીક્ષાના પ્રમાણપત્ર ઇસ્યુ કરેલ છે. આમ, વર્ષ ૧૯૭૯ થી ૧૯૮૬ સુધી સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ તથા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ

એમ બંને દ્વારા હિન્દી પરીક્ષાના પ્રમાણપત્રો ઇસ્યુ કરેલ છે, જ્યારે વર્ષ ૧૯૮૬ બાદ ફક્ત સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ દ્વારા જ હિન્દી પરીક્ષાના પ્રમાણપત્રો ઇસ્યુ કરેલ છે.

ગુજરાત રાજ્ય કારીગર તાલીમ યોજના કર્મચારી મંડળના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૬ પરના પત્રમાં જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ દ્વારા આજ દિન સુધી ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં કર્મચારીઓની પરીક્ષા લીધેલ છે અને ઉત્તીર્ણ થયેલ પરીક્ષાના સર્ટિફિકેટના આધારે કર્મચારીઓએ પોતાની કારકિર્દી દરમ્યાન લાભ લીધેલ છે અને મોટાભાગના કર્મચારીઓ નિવૃત્ત પણ થઇ ગયેલ છે અને હાલમાં પેન્શન લઇ રહ્યા છે, જેથી ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં કર્મચારીઓના હિતને ધ્યાને લઇ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ કર્મચારીઓના સર્ટિફિકેટ માન્ય રાખવા વિનંતી કરેલ છે.

આથી સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી પરીક્ષા બાબતે સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટ તથા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ દ્વારા આપવામાં આવેલ હિન્દીના પ્રમાણપત્રોની માન્યતા બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

**ઠરાવ:**

૧) જે સરકારી કર્મચારીઓએ ૨૬ જુલાઇ' ૧૯૭૯ બાદ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટની હિન્દી દૂસરી અને તીસરી પરીક્ષા પાસ કરી હોય તેમને અનુક્રમે બોલચાલ શ્રેણી અને નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

૨) જે સરકારી કર્મચારીઓએ ડિસેમ્બર' ૧૯૮૬ સુધી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટની હિન્દી દૂસરી અને તીસરી પરીક્ષા પાસ કરી હોય તેમને અનુક્રમે બોલચાલ શ્રેણી અને નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.

માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ.

મુખ્યસચિવશ્રીના અધિકસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.

નિયામકશ્રી ,રોજગાર અને તાલીમ/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર – જાહેર પ્રસિદ્ધિ અર્થે.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.

સચિવાલયના સર્વે વિભાગો તેઓની હેઠળ આવતા સર્વે ખાતાના વડાઓ તથા ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે.

સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,GSWAN ઉપર પ્રસિદ્ધિ અર્થે.

- પત્ર દ્વારા